આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવાયેલી) CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031.
ટેલિફોન: +91 44 4564 4000 । ફેક્સ : +91 44 4564 4022.

પરિશિષ્ટ IV (નિયમ 8(1))
કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)

નીચે હસ્તાક્ષરિત વ્યક્તિ આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવાયેલ)ના અધિકૃત અધિકારી તરીકે નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને કલમ 13(12) હેઠળ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના (નિયમ 3) સાથે વાંચીને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને 10.09.2025ના રોજ એક ડિમાન્ડ નોટિસ જારી કરી હતી, જેમાં ઉપરોક્ત ડિમાન્ડ નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર ઉધાર લેનાર, સહ-દેવાદારો અને ગેરંટર્સ ૧. રાજદીપ કાંતિભાઈ બોરાણિયા, ૨. અજય કાંતિભાઈ બોરાણિયા, 3. જીગીશા રાજદીપભાઈ બોરાણિયાને નોટિસમાં ઉલ્લેખિત રકમ રૂ. ૧૮,૫૩,૧૨૭.૩૬/- (રૂપિયા અઢાર લાખ ત્રેપન હજાર એકસો સત્તાવીસ અને છત્રીસ પૈસા માત્ર) 10.09.2025 ના રોજ, ચૂકવવા માટે કહેવામાં આવ્યું હતું. ઋણ લેનારાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી ઋણ લેનાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 સાથે વાંચવામાં આવેલ અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો આજે તા. 19 ડિસેમ્બર, 2025ના રોજ મેળવ્યો છે. આથી ખાસ કરીને ઋણ લેનારાઓને અને સામાન્ય રીતે લોકોને મિલકત સાથે વ્યવહાર ન કરવા માટે સાવધાન કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી)ના રૂ. ૧૮,૫૩,૧૨૭.૩૬/- (રૂપિયા અઢાર લાખ ત્રેપન હજાર એકસો સત્તાવીસ અને છત્રીસ પૈસા માત્ર) રકમ અને તેના પર વ્યાજ ચાર્જને આધીન રહેશે. ઋણ લેનારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

સ્થાવર મિલકતોનું વર્ણન

મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ, પ્લોટ નં. ૨૨૩, ૯૩.૫૦ ચોરસ યાર્ડ (૭૮.૧૮ ચોરસ મીટર) (પાર્સિંગ પ્લાન મુજબ પ્લોટ નં. ૨૨૩ પૈકી ૮૩.૭૭ ચોરસ મીટર) અને રોડ અને સીઓપીની જમીનમાં ૫૩.૨૫ ચોરસ મીટર અવિભાજિત હિસ્સો ધરાવે છે, કુલ ૧૩૧.૪૨ ચોરસ મીટર, મોમાઈ રેસિડેન્સીમાં, બ્લોક નં. ૧૫૯, ૧૬૦ અને ૧૬૧, મોજે ગામ: ઉમરા, તાલુકો: ઓલપાડ, જિલ્લો: સુરત, ગુજરાત-૩૯૪૫૪૦ પર સ્થિત છે.સીમાઓ: પૂર્વ: પ્લોટ નં. ૨૦૦, પશ્ચિમ: સોસાયટી રોડ, ઉત્તર: પ્લોટ નં. ૨૨૨, દક્ષિણ: સંલગ્ન બ્લોક

તારીખ: 19-12-2025
સ્થળ: ગુજરાત
લોન અકાઉન્ટ નં.: 23398283

એસડી/- અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી)

જાહેર નોટીસ-ચેતવણી આથી અમો **જયંતભાઈ ચિમનલાલ મશરૂવાલા** તથા **હર્ષાબેન જયંતભાઈ મશરૂવાલા**, રહે.: ૨૫૫, આર્શીવાદ ટાઉનશીપ-૨, ઉધના, સુરતના આ જાહેર નોટીસ-ચેતવણી થી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, બાજુમાં બતાવેલ ફોટાવાળા **મારા દિકરા** નામે **જેનીશ જયંતભાઈ મશરૂવાલા** છેલ્લા **ચાર** વર્ષથી હમારા કહ્યામાં રહેલ નથી અને હમારૂ ઘર છોડીને જતા રહેલ છે તેમજ હમારી સાથેના તમામ સામાજીક સંબંધો તોડી નાંખેલ છે અને હમોએ તેઓને હમારી મિલકતમાંથી પણ બેદખલ કરેલ છે, જેથી હમારા નામે કે વતી કોઈએ પણ તેઓની સાથે નાણાંકીય વ્યવહાર કે અન્ય કોઈ **જેનીશ જયંતભાઈ મશરૂવાલા** વ્યવહાર કરવા કરાવવા નહીં અને જો કોઈ કરશે કરાવશે તો તે હમોને બંધનકર્તા રહેશે નહી, જેની લાગતા વળગતા તમામ જાહેર જનતાએ નોંધ લેવી.

મારી મારફતે, **સંજય આર. પટેલ** તે
ઠે.: ૩૪/જી/૧૦૧, જેરામભાઈ ની વાડી, જુની સબજેલની પાછળ, પોપાવાડી, ખટોદરા, સુરત. મો.: ૯૯૭૯૯ ૧૧૫૨૦

સહી/-
જયંતભાઈ ચિમનલાલ મશરૂવાલા
હર્ષાબેન જયંતભાઈ મશરૂવાલા

મોજે : નંદાવ, તા.માંગરોળ, જિ. સુરતના બ્લોક નં.૨૬૩, રી સર્વે નં.૨૬ વાળી જમીન વેચાણ અંગેનો સોદો રદ કરવા અંગેની જાહેર નોટીસ

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ઉકાભાઈ રવજીભાઈ કાસોદરીયા દ્વારા અમો મારફત તા.૨૪/૧૧/૨૦૨૫ ના રોજ ગુજરાત મિત્ર ના પાન નં.૨ પર "વેચાણ દસ્તાવેજ કરી આપતા પહેલાની ટાઈટલ ક્લિયરન્સ અંગેની જાહેર નોટીસ" ઉપરોક્ત જમીન બાબતે જાહેરાત આપેલ હતી, જે જમીનનો બન્ને પક્ષકારોએ પરસ્પર સમજુતીથી સોદો રદ્દ કરેલ છે. જે અંગેની સોદાચિઠ્ઠી રદ અંગેનો કરાર તા.૨૩/૧૨/૨૦૨૫ ના રોજ કરેલ છે. જેથી હવે મોજે : નંદાવ, તા.માંગરોળ, જિ. સુરતના બ્લોક નં.૨૬૩, રી સર્વે નં.૨૬ વાળી જમીન બાબતે હવે કોઈ ખરીદનાર પક્ષકારના કોઈ હકો રહેલ નથી, બન્ને પક્ષકારો દ્વારા થયેલ જુના વહેવારો બન્ને પક્ષકારો દ્વારા સમજાઈ ગયેલ છે, તમામ નાણાકીય વ્યવહાર સમજુતીથી આપ લે થઈ ગયેલ છે હવે કોઈ નાણા લેવાના બાકી નથી તથા આ જમીન બાબતે હવે સોદો કરનારાઓનો આ જમીન બાબતે કોઈ હક્ક હીસ્સો કે હીત રહેલ નથી, જેની લાગતા-વળગતાઓએ ગંભીરપણે નોંધ લેવી. સ્થળ : સુરત, તા :૨૩/૧૨/૨૦૨૫

મારી મારફત
ધારાશાસ્ત્રી પ્રકાશકુમાર મથુરભાઈ કોરાટ
ઓફીસ નં.૨૦૩, ગોકુલમ આર્કેડ, રાઈઝઓન પ્લાઝાની બાજુમાં,સરથાણા, સુરત -૩૯૫૦૧૩ મો :૯૦૩૩૯૦૦૫૦૫ : dharashastri712@gmail.com

---

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીશ

નીચે જણાવેલી જમીન સ્વ. દયાળભાઈ ખુશાલભાઈનાં સીધી લીટીના વારસદારો તરીકે શ્રીમતી લક્ષ્મીબેન તે સ્વ. દયાળભાઈ ઉર્ફે દિયાળભાઈ ખુશાલભાઈની વિધવા, અને શ્રી મણીલાલ દયાળભાઈ ઉર્ફે દિયાળભાઈ ખુશાલભાઈ, રહે.: ઘર.નં.: ૩૬, કંતારા ફળીયું, વરીયાવ, સુરત, તથા શ્રીમતી સુશીલાબેન દયાળભાઈ ઉર્ફે દિયાળભાઈ ખુશાલભાઈ રહે.: અમેટા, નવાપરા-૨, સુરતના પોતાની સહિયારી અને સંપૂર્ણ માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ કરવા માંગે છે. આ વેચાણ વ્યવહાર અંગે મુળ જમીન માલીકોના વારસો સહીત જો કોઈને વાંધો યા તર-તકરાર હોય યા સદર જમીનમાં કોઈપણ શખ્શ કે નાણાંકીય સંસ્થા વિગેરેનાં સીધા કે આડકતરા કોઈપણ પ્રકારના હકક-હીત-હીસ્સા-અધિકારો હોય તો તેવા વાંધા યા તર-તકરાર અને હકક-હીત-હીસ્સા-અધિકારો બાબતનાં કાયદેસરનાં પુરાવાઓ લઈને નીચેનાં સરનામે દિન ૧૦ (દશ) માં રૂબરૂ મળી જવું. મુદતમાં એવો સંપર્ક કરવામાં નહિં આવશે તો તેવા હકક-હીત-હીસ્સા-અધિકારો મજકુર જમીનમાં ન હતા અને નથી, અને જો હોય તો તે જતા કરેલા છે, તેમજ આ વેચાણ વ્યવહાર બાબતે કોઈને પણ વાંધો યા તર-તકરાર નથી એવુ શુધ્ધબુધ્ધિપૂર્વક માનીને હમારા અસીલ પાકા લખાણો કરાવી લેશે. અને ત્યારબાદનાં કોઈનાં કોઈપણ પ્રકારનાં હકક-હીત-હીસ્સા-અધિકારો, વાંધા કે તકરાર ચાલશે નહિં. જેની નોંધ લેશો.

જમીન: સુરત જીલ્લો, કતારગામ તાલુકો, મોજે ગામ વરીયાવમાંના રે.સર્વે નં.: ૪૬૨, ૪૬૬, બ્લોક નં.: ૪૨૬ થી નોંધાયેલી જુની શરતની ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે ૨૩૧૮૮ સમ ચો.મીટર તથા જેનો આકાર રૂ. ૨૭.૯૩ પૈસા થાય છે, તે વિગતની જમીન પૈકી દક્ષિણ દિશા તરફથી બીજા ભાગના હિસ્સાની સુમારે ૫૭૯૭ સમ ચો.મીટરના ક્ષેત્રફળ વાળી, તેની અંદરનાં તથા બહારનાં સર્વે હકકો સહિત દરોબસ્ત જમીન.

સરનામું : ૦૭, ત્રીજો માળ, જે/૯ સેન્ટર, સ્ટાર બજાર પાસે, અડાજણ ચાર રસ્તા, અડાજણ, સુરત. સમય : સવારે ૧૦ થી સાંજે : ૦૭

અસીલની સુચનાથી
જીજ્ઞેશ પી. પીસાદીયા
એડવોકેટ એન્ડ નોટરી

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

જીલ્લા સુરત તાલુકો ઓલપાડના મોજે ગામ સરસના બ્લોક નં./રેવન્યુ સર્વે નં.: ૬૬૬/બ વાળી હે.આરે.૦-૪૧-૧૪ ચો.મી. વાળી જુની શરતની ખેતીની જમીન અમો જીગ્નેશભાઈ ભગુભાઈ આહિરનાએ પોતાની સ્વતંત્ર માલિકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન અંગે કોઈ વ્યકિત, સંસ્થા યા અન્ય કોઈનો કોઈ પણ પ્રકારના હકકો લાગભાગ, દરદાવા, ઈઝમેન્ટના હકકો યા સદર વેચાણ સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં અમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવું. મુદત વીત્યે મજકુર જમીનમાં કોઈના કોઈ પણ જાતના હકકો નથી કે કોઈ વાંધો કે તકરાર નથી યા છોડી દીધા છે. તેમ ગણી અમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ છેવટની નોંધ લેવી. (તા.: ૨૪/૧૨/૨૦૨૫)

નં.	બ્લોક/સર્વે નં.	ખાતા નં.	ક્ષેત્રફળ હે.આરે.ચો.મી.	આકાર (રૂા.પૈસા)
૧.	૬૬૬/બ	૧૨૪૪	૦-૪૧-૧૪	૪.૫૦

યેતનાકુમારી એચ. પટેલ
તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : એફ/૫/૬, દ્વારકાધીશ કેમ્પસ, હાથીસા રોડ, ઓલપાડ, તા. ઓલપાડ, જી. સુરત - ૩૯૪૫૪૦ મો. ૯૦૯૯૩ ૮૨૧૧૯

જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીકટ, સબડીસ્ટ્રીકટ તાલુકા: જલાલપોર ના મીજે ગામ સીસોદ્રા (આરક)ના બ્લોક/સર્વે નં. ૪૩૬ (જુનો બ્લોક/સર્વે નં. ૩૮૧), ખાતા નં. ૧૦૭૪, ક્ષેત્રફળ હે. આરે. ૦-૧૫-૦૪ ચો.મી, આકાર રૂા. ૨.૦૫ પૈસા વાળી જૂની શરતની ખેતીની જમીન તથા તેમાં આવેલ શેડા, ઝાડ, બીડ સહીતની જમીન (૧) રમેશભાઈ સામુભાઈ પટેલ, (૨) હંસાબેન રમેશભાઈ પટેલ (૩) ભાવનાબેન રમેશભાઈની પુત્રી તે હેમંતભાઈ પટેલની પત્ની (૪)તેજલ રમેશભાઈ પટેલ (૫) જીગ્નેશભાઈ રમેશભાઈ પટેલ ની સંયુક્ત માલિકીની ચાલી આવેલી છે સદર જમીન તેઓ પારેથી પ્રણવ પદિપકુમાર વખારીયા ખરીદ કરવા માંગે છે. જેથી સદરહુ જમીન અંગે અન્ય કોઇપણ વ્યકિતને વાંધો, વાચકો તર-તકરાર હોય તો દિન-૧૫ માં નીચે જણાવેલ સરનામે લેખિત પુરાવા સહિત રૂબરૂ મળી જવું અન્યથા મુદત વિત્યા બાદ કોઇને કોઇપણ હકક, દરદાવો પ્રાપ્ત થશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

B. H. Patel

ડી/૯, સાર્થક રો-હાઉસ, પાલનપુર જકાતનાકા સામે, મીની વિરપુર રોડ, સુરત

જીતેન્દ્ર ડી. સોલંકી
એડવોકેટ નોટરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

જી.નવસારી, તા.જલાલપોર, મોજે ગામ.માણેકપોર, ના જુના બ્લોક નં.૫૫૮, નવો બ્લોક નં.૫૯૮, જેનું સુમારે ક્ષેત્રફળ હે.આરે.૦-૨૧-૪૫ ચો.મી., ખાતા નં.૮૩૧, આકાર રૂા.૨.૦૦ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના માલીક **સમીરભાઈ ભાઈચંદ ઉર્ફે ભાઈચંદભાઈ પટેલ**, ચાલી આવેલ હોય, જેઓ સદરહું જમીનના પોતે સ્વંતત્ર માલીક કબજેદાર હોવાનું તથા સદર મિલકત ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી, મારા અસીલને વેચાણ આપવા માંગે છે. જે અંગેનાં અમારા અસીલ પાકા દસ્તાવેજો કરી-કરાવી લેનાર છે. સબબ, સદર જમીન મિલકતમાં કોઈનાં કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો કે અધિકાર કે બેંક યા નાણાંકીય સંસ્થાનું લીયન હોય તો જરૂરી દસ્તાવેજો સાથે નોટીસ પ્રસિધ્ધ થયે દિન-૭(સાત) માં અમારો રૂબરૂ સંપર્ક સાધવો અથવા રજીસ્ટર્ડ એ.ડી.થી નકલો મોકલી આપવી. નોટીસની મુદત વિત્યે કોઈપણ જાતનો વાંધો હરકત નથી તેમજ કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમનો કોઈપણ પ્રકારનો હકક,હિત હિસ્સો રાઈટ યા ટાઈટલ ઈન્ટ્રેસ્ટ નથી અને જો હોય તો તે જતા કર્યા છે યાને વેવ કરેલ છે. તેમ માની મારા અસીલ સદર મિલકતના પાકા દસ્તાવેજો કરી-કરાવી લેશે, અને પાછળથી કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર, દર દાવો કરીયાદ ગ્રાહય રહેશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી. જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી. સ્થળ.સુરત. તા.૨૪/૧૨/૨૦૨૫

ઓફીસ : યુ-૧૦/૧૧, ડાયમંડ વર્લ્ડ, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો.નં. ૮૪૬૯૫ ૬૯૬૬૬

મારી મારફત **પિયુષ બલર**
તે ખરીદનારના એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ અંગે જાહેર નોટીસ

શહેર સુરતના મોજે કતારગામનાં રે.સર્વે નં.: ૨૪૮/૨, ટી.પી. સ્કીમ નં.: ૧૯ (કતારગામ), ઓ.પ્લોટ નં.: ૬૩/એ, ફા. પ્લોટ નં.: ૯૮ વાળી બિનખેતીની જમીન ઉપર આયોજીત "અક્ષરકુંજ કો.ઓ.હા.સો.લી." હેઠળ પાડવામાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં.: ૩ વાળી મીલકત હાલમાં **ક્રિષ્ન મહેન્દ્રભાઈ કળથીયા**ની માલીકીની ચાલી આવેલ છે. મજકુર માલીકના જણાવ્યા મુજબ સદરહુ મીલકતના અગ્રહકકધારી માલીક ગૌરીબેન હસમુખભાઈ સાકરીયાને સોસાયટીએ લખી આપેલ અસલ શેર સર્ટીફીકેટ (તા. ૨૪/૦૧/૨૦૦૪) તથા અસલ કબજા રસીદ **ગુમ યા ગેરવલ્લે થયેલ છે જેથી તેની** તથા અન્ય હકક દાવા કલેઈમ વિગેરેની ચકાસણી કરવા આ નોટીસથી જાહેર જનતાને જણાવવાનું કે, સદરહુ જમીન યા મીલકતો યા તેના કોઈપણ ભાગ યા હિસ્સા અંગે કોઈ બેંક, નાણાંકીય સંસ્થા, શરાફી પેઢી યા વ્યકિત, સોસાયટી વિ.ના ચાર્જ, બોજા, લિયન યા અન્ય કોઈ પ્રકારના લાગભાગ, હકક, હીસ્સા, હિત કે દરદાવા કોઈપણ સ્વરૂપે હોય તો **આ નોટીસ પ્રસિધ્ધીથી દિન-૦૫ માં અધિકૃત દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને લેખિત વાધાંઘી જાણ કરવી**, મુદતમાં વાંધો મળશે નહિં, તો મુદત વિત્યેથી સદરહુ મિલકત યા તેના કોઈ ભાગ યા હિસ્સા અંગે કોઈના કશા પ્રકારના હકક, હીસ્સા, હિત વિ. નથી યા હોય તો તે જતા કરી છોડી દીધા છે અને સદરહુ મિલકતના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ હોવાનું માનીને હમો સદરહુ મિલકતનો ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ આપીશું અને હમારી અસીલ બેંક સદરહુ મિલકતની લોન મોર્ગેજની કાર્યવાહી પુર્ણ કરશે, બાદમાં કોઈની કોઈ તકરાર કે વાંધો ચાલશે નહી તેમજ સદરહુ મિલકત ઉપર હમારા અસીલ બેંકનો પ્રથમ ચાર્જ રહેશે જેની તમામે નોંધ લેવી. (તા.: ૨૩/૧૨/૨૦૨૫).

ઠે.: એફ-૧૩, મિલેનીયમ આર્કેડ, અડાજણ રોડ, સુરત.

મયુર એસ. ચૌહાણ (એડવોકેટ એન્ડ નોટરી)

:: જાહેર નોટીસ ::

જી. સુરત, તા. સીટીના મોજે-**ખટોદરા**ના રે.સર્વે નં. ૩૬/૨, ૩૭/૨ પૈકી, જેનો **ટી.પી. સ્કીમ નં. ૬ (મજુરા-ખટોદરા)**ના ફાયનલ પ્લોટ નં. **૧૪૮** વાળી જમીન ઉપર **શ્રી રંગ ઈન્ડસ્ટ્રીયલ કો-ઓ. સર્વિસ સોસાયટી લિમિટેડ** દ્વારા પાડવામાં આવેલા ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો પૈકી **શેડ નંબર : ૧૩** વાળી મિલકત કે જે **સીટી સર્વે દફતરે વોર્ડ-ખટોદરાના સીટી સર્વે નં. ૩૮૩** થી નોંધાયેલા છે અને જેનુ સીટી સર્વે રેકર્ડ મુજબનું **પ્લોટનું ક્ષેત્રફળ ૮૩.૨૬ ચો.મી.** છે **તે જમીન-અમલાના બાંધકામ સહિત**ની મિલકત તથા સોસાયટીના સભ્યપદ અને શેર સર્ટીફિકેટ સહિતની મિલકત તેના માલિક **રમેશચંદ્ર નટવરલાલ ગોટાવાલાએ** પોતાની સ્વતંત્ર માલિકી અને કબજા, ભોગવટાની તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી તથા તેઓએ સદરહુ મિલકતના અગ્રહકકધારી યાને મુળ સભાસદ **બાબુભાઈ જગજીવનદાસ નોટીસવાલા**ને સોસાયટીએ **તા. ૩૦/૬/૧૯૭૨ ના રોજ ફાળવેલ રૂા. ૧૦૦/- નો એક એવા શેર નંગ-૨, શેર સર્ટીફીકેટ નં. ૫૩ અને ૫૪** છે તે અસલ શેર સર્ટીફીકેટ ગુમ/ગેરવલ્લે થયેલ હોવાનું જણાવી તથા ઉપરોકત ગુમ થયેલ શેર સર્ટીફીકેટ અંગે સોસાયટીએ તા. ૨૪/૬/૧૯૮૭ ના રોજ ફાળવેલ **રૂા. ૧૦૦/- નો એક એવા શેર નંગ-૨, શેર સર્ટીફીકેટ નં. ૫૩ અને ૫૪ છે** તે ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ અસલ તથા સદરહું મિલકતના માલિક **રમેશચંદ્ર નટવરલાલ ગોટાવાલાના નામનો રજી. વેચાણ દસ્તાવેજ નવો અનુક્રમ નં. ૧૪૦૩૪, તા. ૧૬/૧૨/૧૯૮૮ (જુનો અનુક્રમ નં. ૫૩૦૭, તા. ૨૯/૬/૧૯૮૭)** અસલ ગુમ/ગેરવલ્લે થયેલ હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવા નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં જો કોઈ વ્યક્તિ યા સંસ્થા કે બેંકનો દર-દાવો, ચાર્જ, લીયન કે બોજો, હક્ક-હીત-હિસ્સો પહોંચતો હોય અગર ઉપરોક્ત શેર સર્ટીફીકેટો અસલ તથા વેચાણ દસ્તાવેજ અસલ જો કોઈના કબજા, સિકયોરીટી કે જામીનગીરીમાં હોય તો તેમણે **દિન-૭** માં પુરાવા સહિત હમોને લેખિતમાં વાંધા રજુ કરવા. મુદત વિત્યે કોઈની કોઈપણ તર-તકરાર નથી અને હોય તો તે તેઓએ જતી યાને વેઈવ કરેલ છે, એવું માની સોસાયટી તરફથી ડુપ્લીકેટ શેર સર્ટીફીકેટ ઈસ્યુ થયેથી હમારા અસીલ સદરહું મિલકતનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, જેની નોંધ લેશો.

સુરત, તા.: ૨૪-૧૨-૨૦૨૫
ઓફીસ : ૩૦૧-૩૦૨, સત્યમ કોમ્પલેક્ષ, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત. મો.નં.: ૯૩૭૬૧૧૦૯૫ / ૯૮૨૫૪૫૩૭૭૧

જે. બી. ગોળવાલા
હિતેશ ડી. ખાટીવાલા
તે ખરીદનારના એડવોકેટસ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ ડીસ્ટ્રીકટ **મોજે ગામ - ડુમસ**, રે. સર્વે નં.૮૪/૨ + ૮૪/૧ + ૮૫ + ૮૬, **ટી.પી. સ્કીમ નં. ૮૧, ફાયનલ પ્લોટ નં. ૬૪** થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં ગણપતનગરમાં પાડવામાં આવેલ પ્લોટો પૈકી **પ્લોટ નં. ૧૫૧, ૧૫૨ તથા ૧૫૩** વાળા ખુલ્લા પ્લોટો જેનો સીટી સર્વે કચેરીમાં સમાવેશ થતાં અનુક્રમે **વોર્ડ : ડુમસ, સીટી સર્વે નં. ૭૦૭, ૭૦૮ તથા ૭૦૯** થી નોંધાયેલા પ્લોટો કે જેનું સીટી સર્વે અનુસાર ક્ષેત્રફળ અનુક્રમે ૭૮.૬૯ ચો.મી., ૭૮.૬૯ ચો.મી. તથા ૭૮.૬૯ ચો.મી. તેમજ દસ્તાવેજ અનુસાર ત્રણેય પ્લોટોનું મળી કુલ્લે ૪૪૭.૩૦ ચો.મી. છે તે પ્લોટો તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક સહિતના ખુલ્લા પ્લોટો **(૧) પવનમલ સજનમલ લોટા (જૈન), (૨) રીખબચંદ ગણેશમલ જૈન, (૩) મનીષકુમાર રાજેન્દ્રકુમાર નાહટા તથા (૪) રણજીતકુમાર જીતમલ સેઠીયા** ની સંયુકત માલિકી, કબજા ભોગવટા હેઠળના બોજારહિત, ચોખ્ખા ટાઈટલવાળા હોવાનું જણાવી શાંત, ખાલી, પ્રત્યક્ષ કબજા સહિત હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી ટુંક સમયમાં હમારા અસીલ સદરહુ ત્રણેય ખુલ્લા પ્લોટોના વેચાણ સાટાખત, પાકા લખાણો, રજી. વેચાણ દસ્તાવેજો કરાવી લેનાર છે. સબબ, સદરહુ પ્લોટો અંગેના કોઈપણ વ્યકિત, બેંક યા સંસ્થા, અગાઉના હકકધારીઓ કે વારસદારોનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દર-દાવો, લાગભાગ, ખોરાકી પોષાકી, બોજો કે લીયન તથા ઈઝમેન્ટના હકકો યા લખાણો હોય તો સદર નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં લેખિત પુરાવા સાથે હમારા અસીલ વતી નીચે જણાવેલ સરનામે અમારો રૂબરૂ સંપર્ક સાધવો અથવા રજીસ્ટર્ડ એ.ડી.થી નકલો મોકલી આપવી. જો તેમ કરવામાં કસુર થયેથી નોટિસની મુદત વિત્યે કોઈપણ વ્યકિત, બેંક યા સંસ્થા કે અન્ય કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો યા ટાઈટલ ઈન્ટરેસ્ટ નથી કે કોઈપણ પ્રકારનો વાંધો, હરકત કે તકરાર નથી અને હોય તો તે જતો યાને વેવ કરેલ છે તેવું માની હમારા અસીલ સદર ત્રણેય પ્લોટો વેચાણ રાખવા અંગેના કાયદેસરના લખાણો તેમજ પુરેપુરો વેચાણ અવેજ ચુકવી રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો મજકુર માલિકો પાસે કરાવી લેશે. જેની આથી જાહેર જનતાએ તથા લાગતા વળગતાઓએ ખાસ નોંધ લેવી.

તા. ૨૪/૧૨/૨૦૨૫
ઓફીસ : ૨૦૫, અક્ષરવત્સ કોમ્પલેક્ષ, પારસી લાઈબ્રેરીની સામે, નાનપુરા, સુરત, મો. ૯૮૨૫૪-૮૧૪૦૮, ૭૪૦૫૭-૬૦૦૦૫

યોગેશ આર. મહેતા
કેયૂર ડી. મોદી
તે ખરીદનારના એડવોકેટસ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ,અડાજણ સબ-ડીસ્ટ્રીક નાં મોજે ગામ અડાજણ ના રે.સર્વે.નં. ૬૧૧ પૈકી, ટી.પી. સ્કીમ નં.૧૦ (અડાજણ), ફા.પ્લોટ નં.૭૮ પૈકી ૬૮૮૬ ચો.મી. જમીન ઉપર એક હાઉસીંગ યોજના મંજુર થયેલી છે. જેનું નામ ગણેશપાર્ક ગૃપ હાઉસીંગ સોસાયટી રાખવામાં આવેલ તે યોજનામાં બાંધવામાં આવેલા આવાસો પૈકી ગાળા ટાઈપના આવાસ નં.૧૧ કે જેનું ક્ષેત્રફળ ૬૫.૦૫ ચો.મી.છે. તેના ઉપર કરવામાં આવેલ ગ્રાઉન્ડ ફલોરના બાંધકામ સહીત ની મિલકતના માલીક (૧)કોકીલાબેન કિશોરચંદ્ર દેસાઈ (૨) પ્રતિક કિશોરચંદ્ર દેસાઈ ચાલી આવેલ છે. અને આવાસ નં.૧૨ કે જેનું ક્ષેત્રફળ ૬૫.૦૫ ચો.મી.છે. તેના ઉપર કરવામાં આવેલ ગ્રાઉન્ડ ફલોરના બાંધકામ સહીત ની મિલકતના માલીક સ્વ. કિશોરચંદ્ર રમણીકલાલ દેસાઈ ના સીધીલીટીના વારસદારો (૧) કોકીલાબેન કિશોરચંદ્ર દેસાઈ (૨) શ્રધ્ધા કિશોરચંદ્ર દેસાઈ (૩) પ્રતિક કિશોરચંદ્ર દેસાઈ (૪) સૃષ્ટી તે કિશોરચંદ્ર દેસાઈની દીકરી અને હિરેનભાઈ શાહની ધણીયાણી ચાલી આવેલ છે.

પરંતુ આવાસ નં.૧૨ ના માલીકના અગ્રહકકધારી (૧) પ્રતિભા બાલમુકુંદ દેસાઈ (૨) બિરેન બાલમુકુંદ દેસાઈ એ (૧) ચિમનભાઈ અમથાભાઈ પટેલ (૨) રેવાબેન તે અમથાભાઈ પટેલની વિધવા (૩) સવિતાબેન તે અમથાભાઈ પટેલની દીકરી (૪) અશ્વિનભાઈ ચીમનભાઈ પટેલ ના કુલમુખત્યાર લક્ષ્મણભાઈ ગણપતભાઈ પટેલ પાસેથી વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ. જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે.સબ. રજીસ્ટ્રાર સાહેબ (સુરત)ની કચેરીમાં અ.નં.૨૨૬૧, તા.૪.૦૩.૧૯૯૫ ના રોજ નોંધાયેલ છે. તે વેચાણ દસ્તાવેજની અસલ રજીસ્ટ્રેશન રસીદ ગેરવલ્લે યાને ગુમ થયેલ હોય તેની ઘણી શોધખોળ કરવા છતા મળી આવેલ નથી.

તથા (૧) પ્રતિભા બાલમુકુંદ દેસાઈ (૨) બિરેન બાલમુકુંદ દેસાઈ અને કિશોરચંદ્ર રમણીકલાલ દેસાઈ સાથે મિલકતનો અદલાબદલીનો દસ્તાવેજ કરેલ જે દસ્તાવેજ ની નોંધણી મહે.સબ. રજીસ્ટ્રાર સાહેબ (અઠવા)ની કચેરીમાં અ.નં.૧૭૬૮૬, તા.૫.૧૨.૨૦૧૪ ના રોજ નોંધાયેલ છે. તે વેચાણ દસ્તાવ